# સાપેક્ષદૃષ્ટિ એ ઉત્તમોત્તમ માર્ગ

હરેક બાબતનું પરિપૂર્ણ જ્ઞાન થવાથી વસ્તુધર્મના અનંત ભેદો અવબોધવાને સમ્યગ્જ્ઞાનની નજીકમાં આવી શકાય છે. વસ્તુધર્મને પરિપૂર્ણ અવબોધ્યા વિના શ્રદ્ધા અને વિચારોમાં ઘણી બાબતોમાં સંકુચિતતા રહે એ બનવાયોગ્ય છે. પ્રત્યેક મનુષ્ય હરેક વસ્તુના અમુકાંશને અવબોધિને પોતાને જ્ઞાની માની લે તથા વસ્તુના અમુક રૂપથી વા ભોગથી પોતાને આનંદભોક્તા માની લે, તેમાં તે વાસ્તવિક દૃષ્ટિથી જોતાં ભૂલ કરે છે અને પોતાની ઉત્તરોત્તર વિજ્ઞાનાવસ્થામાં તે તે ભૂલોને તે દેખતો જાય છે. શ્રી વીર પ્રભુની સર્વજ્ઞદૃષ્ટિથી પરિપૂર્ણ પદાર્થોને દેખ્યા છે, તેવી દૃષ્ટિ જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પ્રત્યેક મનુષ્ય છદ્મસ્થ હોવાથી સર્વજ્ઞ ન કહેવાય અને તેથી તે વસ્તુના અનંત ધર્મના જ્ઞાનના અભાવે જાણવામાં તથા કથવામાં ભૂલ કરે એ સ્વાભાવિક છે. આવી સ્થિતિ જ્યાં સુધી હોય ત્યાં સુધી સાપેક્ષદૃષ્ટિએ વહવું, જાણવું, વિચારવું એ ભવિષ્યની જીંદગી અર્થે ઉત્તમોત્તમ માર્ગ છે.

પ્રત્યેક મનુષ્યના આચારો અને વિચારોમાં પરિપૂર્ણ સત્યતા હોય એમ માની લેવું એમ તો વચન માત્રથી કથી શકાય છે. શ્રી સર્વજ્ઞ-વીતરાગદેવ સિવાય પ્રત્યેક મનુષ્યના વિચારોમાં અને આચારોમાં સત્યતા ન હોઈ શકે, પરંતુ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની અપેક્ષાએ અમુકાંશે સત્યતા હોઈ શકે એ બનવાયોગ્ય છે. શ્રી વીતરાગનાં વચનોની અપેક્ષાએ આ બાબતનો વિચાર કરતાં પ્રત્યેક મનુષ્યની દૃષ્ટિભેદે સત્ય અને અસત્ય એવા આચારો અને વિચારો મનાય છે, તેમાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘણું સત્ય તારવી શકાય છે. અમુક બાબત અમુક દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી સત્ય હોય છે અને તે જ બાબત અમુક દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી અસત્ય હોય છે. વ્યવહાર નયથી અમુક બાબત અમુકરૂપે ગણાય છે અને તે જ બાબત નિશ્ચય-દૃષ્ટિથી વિચારીએ તો અમુકરૂપે લાગે છે. હરેક વસ્તુને અનેક દૃષ્ટિથી અનેક અપેક્ષાઓએ તપાસવાની જરૂર છે. પ્રત્યેક મનુષ્યના વિચારો અને આચારોને ભિન્ન ભિન્ન અપેક્ષાએ જાણવા જોઇએ અને ભિન્ન ભિન્ન દૃષ્ટિથી દેખીને હેય, જ્ઞેય અને ઉપાદેય બુદ્ધિથી તેનો વિવેક કરવો જોઇએ. આવી રીતે વિવેકદૃષ્ટિથી જે દેખે છે તે કોઇ બાબત પર અમુકાંશે વિચાર બાંધવાને શક્તિમાન થાય છે. મનુષ્યની જીંદગીમાં ઉત્તરોત્તર જ્ઞાનાવસ્થા વૃદ્ધિગંત થતાં પૂર્વના વિચારો કરતાં ઉત્તરના વિચારોમાં વિશેષ સત્યતા અનુભવાય છે, પણ વાસ્તવિક દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની અપેક્ષાએ કહીએ તો જે કાળે જેટલા જ્ઞાને જેટલો નિર્ણય થાય છે, તેટલો તે કાળે નિર્ણય માટે સત્યરૂપે તે કાળની અપેક્ષાએ હોય છે; એમ અપેક્ષાથી વિચારીએ તો આખા જગત્માં મનુષ્યોના આચારો અને વિચારોમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાલ અને ભાવની અપેક્ષાએ ઘણું અવબોધવાનું મળે છે અને ઘણી રીતે અનેક પ્રકારનું વ્યવહારિક તથા પારમાર્થિક જ્ઞાન થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org